# અંતરશુદ્ધિનાં સોપાન

## શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી

## ઉદ્ધરણ ૧૦

તમે પોતાની સત્તાને કેવી રીતે શુદ્ધ કરી શકો? તમે સરળ વસ્તુઓથી શરૂઆત કરો. પહેલાં, તમારાં કર્મોને શુદ્ધ કરો. જ્યારે કોઈ વિચાર આવે, ત્યારે તેના પર કાર્ય કરતા પહેલાં એક સેકંડ માટે થોભો. જો તે પોષણકારી વિચાર નથી તો તેને પાછો ચિતિમાં લય થવા દો. બીજું, અશુદ્ધ કર્મો પ્રતિ તમારી ખોટી આસક્તિને કાપી નાંખો. જો એક મિત્ર તમારાં વર્તન વિષે કોઈ ટીકા કરે જે તમને ગમતી ન હોય, તો તેને તરત નકારી કાઢો નહીં. તેમાં નિહિત ભગવાનના અવાજને સાંભળો. જો તમે તે વિશેષ સલાહ અથવા નિંદા અથવા સૂચન સ્વીકારવા ઇચ્છતા ન હો તોપણ તેને એક તરફ મૂકી ન દો. તેના પર ચિંતન કરો. ભગવાન ઘણાં મુખો દ્વારા બોલે છે. આખરે, એક સ્વસ્થ અનુશાસનનો વિકાસ કરો. તમારી ઇન્દ્રિયો, તમારી આદતો, તમારી લાગણીઓ અને તમારા વિચારોને નિયંત્રણમાં રાખવાની બીજી કોઈ રીત નથી.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ*, અધ્યાય ૨, ‘અસ્તિત્વની શુદ્ધિ’માંથી (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૨૭.